VPC
TRUST

## સમાજ કલ્યાણ માં કાર્યરત

# વલ્લભાશ્રમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ









# વલ્લભાશ્રમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

## (ભૂખ્યાંને ભોજન)

અન્નદાન-મહાદાન મંત્રને આધારે જરૂરિયાતવાળા લોકોને ભોજન આપવાના નિષ્કામ સેવાયજ્ઞથી આ ટ્રસ્ટની શરૂઆત ૨૦૧૫માં કરવામાં આવી.

આ સેવાયજ્ઞ માટે તાતી જરૂરિયાતવાળા શ્રમજીવીઓ અને વડીલોને ભોજન આપવાનો સંકલ્પ સૌપ્રથમ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો. થોડા સંશોધનને અંતે સૌ પ્રથમ શ્રમજીવીઓને પોષણક્ષમ સાત્ત્વિક ભોજન આપવાની શરૂઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ રીતે ૨૦૧૫માં શ્રમજીવી સાત્ત્વિક ભોજન યોજનાની શરૂઆત થઈ. ત્યારપછી ૨૦૨૧માં એકલા રહેતા અક્ષમ વયસ્ક વડીલો માટેની વડીલ વંદના યોજના શરૂ કરવામાં આવી.

૧. શ્રમજીવી સાત્ત્વિક ભોજન યોજના : આ શ્રમજીવીઓમાં મશીન પર કામ કરનારા કે ભઠ્ઠી પર કામ કરનારા કામદારો, લારી કે પેડલ રીક્ષા ચલાવી સામાનની હેરફેર કરનાર કે બાંધકામ ક્ષેત્રે મજૂરી કામ કરનાર શ્રમજીવીઓનો સમાવેશ થાય છે. આવા શ્રમજીવીઓનો કામનો સમય અને રોજગારી પણ અનિશ્ચિત હોય છે અને કામના સ્થળે જમવા માટે ટીફીન લઈ જવાનું પણ નિશ્ચિત હોતું નથી. બપોરે સૂકો નાસ્તો કરી ચલાવી લે છે. માસિક આવક રૂ. ૧૦,૦૦૦થી પણ ઓછી હોય છે. આવા શ્રમજીવીઓને બપોરના સમયે પોષણયુક્ત ભોજનની જરૂરિયાત રહે છે. અમદાવાદમાં દૂધેશ્વર-તાવડીપુરા વિસ્તારમાં ૫૦૦૦ જેટલાં નાનાં કારખાનાં છે જેમાં શ્રમજીવીઓની આ પરિસ્થિતિ છે.

આવા શ્રમજીવીઓમાંથી શરૂઆતમાં ૫૦ જેટલા જરૂરિયાતવાળા શ્રમજીવીઓને પસંદ કરી નિશ્ચિત સ્થળે બેસાડીને સાત્ત્વિક અને પોષણક્ષમ ભોજન નિ:શુલ્ક આપવાની શરૂઆત ''શ્રમજીવી સાત્ત્વિક ભોજન યોજના'' હેઠળ ૨૦૧૫થી કરવામાં આવી છે. જેમાં વ્યવસ્થા અને નિયમન ખાતર રૂ. ૫/- નો ટોકન ચાર્જ લેવાનું રાખેલ હતું. જે અત્યારે રૂ. ૨૫/- છે.

આ ભોજનમાં શુદ્ધ ઘીવાળી રોટલી, તાજાં શાક, કઠોળ, એક કેળું અને સપ્તાહમાં એક વાર વધારામાં પુલાવ-કઢી, એક વાર ફરસાણ અને એક વાર મીઠાઈ આપવામાં આવે છે. શિયાળામાં કચરિયુ આપવાની પણ શરૂઆત કરી છે. હાલમાં આ સંખ્યા ૨૦૦ સુધી પહોંચી છે. વધુ શ્રમજીવીઓને લાભ પહોંચાડી શકાય તેમ છે, પરંતુ ટ્રસ્ટની આર્થિક મર્યાદાને કારણે આગળ વધી શકાતું નથી.

(૨) વડીલવંદના (વયસ્ક) ટિફિન યોજના : સમાજમાં સંતાનોથી દૂર થયેલ એકલા રહેતા, નિ:સહાય અને શારીરિક રીતે સક્ષમ ન હોય એવા ૭૦ વર્ષથી વધુ વયનાં વયસ્ક ભાઈબહેનોને ઘરે ભોજન પહોંચાડવાની યોજના શરૂ કરવામાં આવી છે.

વડીલો એટલે કે વયસ્કોના માટે ભોજન બનાવવા અને આપવા માટે વિશેષ કાળજીની જરૂર પડે છે. શરીરને માફક આવે તથા વડીલોની રૂચિની અનુકૂળતા પ્રમાણે ડાયેટિશીયનની મદદથી ભોજનની પસંદગી કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા ૨૦૨૧-૨૨માં આ યોજના હેઠળ ૫૦ જેટલા વડીલોને ટિફિન મારફતે ભોજન તેમના ઘરે પહોંચાડવાની યોજનાની શરૂઆત કરવામાં આવી. મણીનગર વિસ્તારના જરૂરિયાતમંદ વડીલોને આવરી લેવાયા છે મણિનગર, કાંકરિયા, વસ્ત્રાપુર, સેટેલાઇટ, નારાયણપુરા, નવરંગપુરા, શાહીબાગ આ વિસ્તારના ટિફિન લેતા વયસ્ક પાસે ટોકન પેટે રૂ. ૫૦/- લેવામાં આવે છે. નરોડા-ઓઢવ જેવા વિસ્તારમાં ટોકન રૂ. ૨૫/- લેવામાં આવે છે અને ટિફિન સવાર-સાંજ વડીલોના ઘરે પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં સાબરકાંઠાના શામપુર ગામમાં અને અરવલ્લીના ધનસુરા ગામમાં આ સેવા ફ્રી ચાલુ કરવામાં આવી છે. આ યોજના હેઠળ હાલ ૩૦૦ ટિફિન રોજ મોકલવાની સેવા ચાલુ છે. વડીલ વંદના ટિફિન યોજના માટે થતા ખર્ચ એસ્ટ્રેલ ફાઉન્ડેશન તરફથી છેલ્લા બે વર્ષથી મદદ મળી રહી છે.





## વડીલ વંદના ટિફિન યોજના હેઠળ

લાભાર્થી સૌ વડીલોનું Whatsapp ગ્રુપ બનાવી તેઓની તકલીફો કે જરૂરિયાતો જાણી, જરૂર જણાય ત્યાં ફેરફાર કરવામાં આવે છે.

પ્રવર્તમાન સમયમાં કોઈ વિકલ્પ ઉપલબ્ધ ન થતાં સમાજમાંથી વડીલોની ભોજન માટેની ઘણીબધી વિનંતીઓ આવે છે. પરંતુ ટ્રસ્ટની આર્થિક મર્યાદાઓને કારણે આ સેવાનું વિસ્તરણ કરવામાં મુશ્કેલી અનુભવાય છે. આ ટ્રસ્ટના સર્વે મુજબ ઓછામાં ઓછા ૧,૦૦૦ કરતાં પણ વધુ વડીલોને આ ટિફિન સેવાની જરૂર છે. પ્રભુકૃપા અને સમાજના શ્રેષ્ઠીઓ/દાનવીરોની મદદ મળશે તો ૨૦૨૭ સુધીમાં આ લક્ષ્યાંકને પૂરું કરી શકાશે એવું લાગે છે.

સહુ દાનવીરો અને દાતાઓને આ ટ્રસ્ટ આ સેવાયજ્ઞમાં ભાગીદાર થવા નમ્ર અપીલ કરે છે. સમાજના શ્રેષ્ઠીઓ અને દાનવીરો દ્વારા આ ટ્રસ્ટ લક્ષ્યાંક પૂર્ણ કરવા પ્રયત્નશીલ છે. ઉપરોક્ત બંને યોજનામાંથી દાનવીરો અને શ્રેષ્ઠીઓ પોતાની ઇચ્છા મુજબ દાનનો વિકલ્પ પસંદ કરી શકે છે. દાનવીરોના દાનથી જ ટ્રસ્ટનો આ સેવાયજ્ઞ સતત ચાલી શકશે.

હાલ ટ્રસ્ટ દ્વારા આ સેવાયજ્ઞમાં આ યોજનાઓ પર કેટલું ખર્ચ થાય છે તે આપની જાણ માટે રજૂ કરીએ છીએ.

## એ. વડીલ વંદના ટીફીન યોજના

| જેમાં અગાઉ નિર્દેશિત સમસ્ત વિસ્તારો આવી જાય છે. | હાલની સંખ્યા ૩૦૦ મુજબ ખર્ચ | ૨૦૨૭ના અંદાજ મુજબ ખર્ચ (સંખ્યા–૧૦૦૦) |
|---|---|---|
| ૧. દરરોજનું ખર્ચ | રૂ. ૧૫,૦૦૦/– | રૂ. ૫૦,૦૦૦/– |
| ૨. માસિક ખર્ચ | રૂ. ૪,૫૦,૦૦૦/– | રૂ. ૧૫,૦૦,૦૦૦/– |
| ૩. વાર્ષિક ખર્ચ | રૂ. ૫૪,૦૦,૦૦૦/– | રૂ. ૧,૮૦,૦૦,૦૦૦/– |

## બી. શ્રમજીવી સાત્ત્વિક ભોજન યોજના

| | હાલ (૨૦૦) | અંદાજિત (૫૦૦) |
|---|---|---|
| ૧. દરરોજનું ખર્ચ | રૂ. ૧૨,૦૦૦/– | રૂ. ૩૦,૦૦૦/– |
| ૨. માસિક ખર્ચ | રૂ. ૩,૬૦,૦૦૦/– | રૂ. ૯,૦૦,૦૦૦/– |
| ૩. વાર્ષિક ખર્ચ | રૂ. ૪૩,૨૦,૦૦૦/– | રૂ. ૧,૦૮,૦૦,૦૦૦/– |

**SCAN & PAY**

**UPI ID**
vallabh81@idfcbank



**VALLABHASHRAM PUBLIC CHARITABLE TRUST**
BANK : IDFC FIRST BANK
A/c No. : 10066820637
IFSC CODE : IDFB0040335



## દાન માટે વિકલ્પ

૧. આપ બેમાંથી કોઈ પણ યોજનાના દૈનિક, માસિક કે વાર્ષિક ખર્ચની જરૂરિયાત જેટલું દાન આપી શકશો.
૨. કોઈ પણ એક યોજના માટે પસંદગીના વિસ્તાર માટે સંપૂર્ણ ખર્ચનું દાન આપી દત્તક લઈ શકો છો.
૩. રૂ. ૧૧ લાખનું દાન આપવાથી ગમે તે એક યોજનામાં દાનવીરનું નામ આપવામાં આવશે.
૪. જન્મ કે તિથિ યોજના પ્રમાણે પણ આપ દાન આપી શકો છો.
   ૧. શ્રમજીવી સાત્ત્વિક ભોજન યોજના જન્મદિન/પુણ્યતિથિ (કાયમી તિથિ) એનિવર્સરી રૂ. ૫,૦૦૦/-
   ૨. વડીલ વંદના ટીફીન યોજના જન્મદિન/પુણ્યતિથિ (કાયમી તિથિ) એનિવર્સરી રૂ. ૧૦,૦૦૦/-
   ૩. બન્ને યોજનાઓ માટે (કાયમી શ્રાદ્ધ તિથિ) રૂ. ૧૫,૦૦૦/- ભાદરવા સુદ પૂનમથી અમાસ સુધી

આ ટ્રસ્ટ દ્વારા ચાલતા આ નિષ્કામ માનવસેવાના કર્મયોગમાં આપને સહયોગી થવા આમંત્રણ છે. આપ આ પ્રવૃત્તિઓના સંચાલનમાં સ્વયંસેવક તરીકે પણ આપનું યોગદાન આપી શકો છે. ટ્રસ્ટના આ કાર્યમાં વિશ્વાસ ઊભો થાય તો મિત્રમંડળને પણ સહયોગી બનાવી ટ્રસ્ટ માટે આશીર્વાદરૂપ બનવા વિનંતી છે.

"I have a Dream" પુસ્તકની લેખિકા રશ્મિ બંસલ કહે છે અહીં તો સમાજના પ્રશ્નોને સાથે મળીને હલ કરવાની પ્રતિબદ્ધતા છે. આ ફાની દુનિયામાંથી વિદાય વેળાએ ફક્ત નિષ્કામ કર્મો જ સાથ નિભાવવાનાં છે. એ એક જ બેલેન્સ વાપરી શકાશે.

તો શ્રેષ્ઠીઓ, થોડી પળો માટે ખુદને ભૂલીને અન્ય તરફ નજર નાખીએ. આપણે આપણાં વંચિત ભાઈબહેનો માટે ઉપયોગી બનીએ. ટ્રસ્ટની પ્રવૃત્તિઓ રૂબરૂમાં જોવા અને અનુભવવા માટે આપને અમારું આમંત્રણ છે. જ્યારે પણ આપની ઇચ્છા હોય ત્યારે ફોન કરી આપ અમને જણાવશો જેથી અમે આપની અનુકૂળતા પ્રમાણે વ્યવસ્થા ગોઠવીશું.

(૩) કોરાના મહામારી દરમિયાન સેવા : ૨૦૧૯-૨૦ના કોરોના મહામારીના કાળ દરમિયાનના સ્થિતિના કપરા સમયમાં ટ્રસ્ટના કેટલાક સમર્થ અને હિંમતવાન કાર્યકરોએ ક્વોરન્ટાઇન દર્દીઓ માટે ભોજન બહાર બનાવડાવી ડીસ્પોઝેબલ પેકમાં અંદાજે ૪૦૦૦ દર્દીઓને ઘેર ભોજન પહોંચાડવાની સમર્પિત અને નિષ્કામ સેવા કરી હતી. આ સંપૂર્ણ સેવા નિ:શુલ્ક કરવામાં આવી.

ઉનાળાના ૪૫ દિવસ માટે ઠંડી અમૂલ છાસ યોજના :

છેલ્લા ચાર વર્ષથી શાહીબાગ નમસ્તે સર્કલ પાસે લગભગ ૧૫ એપ્રિલથી ૩૧મી મે સુધી રોડ ઉપર જતા-આવતા રાહદારીઓ માટે છાશનું ફ્રી વિતરણ કરવામાં આવે છે. જેમાં રોજ આશરે ૭૦૦થી ૮૦૦ માણસ લાભ લે છે. રસ્તે જતા રીક્ષાવાળા, પેડલ રીક્ષાવાળા, મજૂરી કામ કરતા, નોકરી-ધંધા કરતા દરેક પ્રકારના રાહદારીઓ આ સેવાનો લાભ લે છે.

આ ઉપરાંત કોરોના મહામારીના સમય દરમ્યાન ક્વોરન્ટાઇન દર્દીઓ માટે ટીફીન દ્વારા ઘરે ભોજન મોકલવાની હંગામી યોજના પણ અમલમાં મૂકવામાં આવેલ.

આ સેવાને નજરે નિહાળનાર કેટલાક એકલા રહેતા અને શારીરિક રીતે અક્ષમ વૃદ્ધ વડીલોએ આ ટ્રસ્ટના કાર્યકરોને ભોજન તેમના ઘેર પહોંચાડવાની વિનંતીઓ કરી છે.

આ કારણોસર વડીલ વંદના (વયસ્ક) ટિફિન યોજના હેઠળ જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાની છે. શરૂઆત કરવાની આ ટ્રસ્ટને પ્રેરણા મળી.

શુભમ્

### વલ્લભાશ્રમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

| કાર્યકર્તાઓના નામ | મો. નંબર |
|---|---|
| (૧) શ્રી મહેન્દ્રભાઈ એસ. ભલાવત | ૯૩૭૪૮ ૧૪૨૨૮ |
| (૨) શ્રી કમલેશભાઈ એસ. કરંજી | ૯૩૭૬૫ ૧૭૧૨૭ |
| (૩) શ્રી વિપુલભાઈ એમ. શાહ | ૯૮૨૫૦ ૧૯૮૭૨ |
| (૪) શ્રી દીલીપભાઈ વી. શાહ | ૯૮૨૫૨ ૮૬૧૦૮ |
| (૫) શ્રી દિનેશભાઈ સી. શાહ | ૯૯૭૪૯ ૭૭૭૧૦ |
| (૬) શ્રી દીલીપભાઈ બી. શાહ | ૯૮૨૪૯ ૨૨૩૯૯ |
| (૭) ડૉ. શ્રીમતી આભાબેન નાણાવટી | ૯૮૯૮૦ ૬૬૬૫૯ |
| (૮) શ્રીમતી અકીબેન એન. ફડિયા | ૯૯૨૪૦ ૯૯૮૪૮ |
| (૯) શ્રી કેતનભાઈ વી. શાહ | ૯૮૨૫૧ ૮૫૨૮૪ |




# વલ્લભાશ્રમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

બી-૧૫, હેમકુટ કોમ્પલેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૯

ફોન : ૦૭૯ ૨૬૫૮ ૧૦૩૩


pracharindia.com